## સારાંશ

## ટીપીએલ-ડી(એસ) દ્વારા (કેસ નંબર ૨૩૨૪/૨૦૨૪) માનનીય જીઇઆરસી સમક્ષ

## દાખલ કરવામાં આવેલી અરજી

## ટૉરેન્ટ પાવર લીમીટેડ - સુરત સપ્લાય એરિયા

**પુર્વભૂમિકા**

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ)રેગ્યુલેશન્સ ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-ડી (એસ) આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ ફાયદા/નુકશનની વહેંચણી
2. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે એઆરઆરનું નિર્ધારણ
3. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની ખાદ્ય/(પુરાંત)નું નિર્ધારણ
4. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિજદરનુ નિર્ધારણ

**નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ટ્રુ અપ**

૧.૨ માનનીય કમિશને નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ટીપીએલ-ડી(એસ) ના એઆરઆરની મંજુરી તા. ૩૧ માર્ચ, ૨૦૨૨ ના ઓર્ડર (કેસ નંબર ૨૦૩૪/૨૦૨૧) દ્વારા આપી છે. જે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના અનુમાનો પર આધારિત હતી. એઆરઆરની મંજુરી નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારિત છે.

૧.૩ ટીપીએલ-ડી(એસ)એ જીઇઆરસી (મલ્ટીયરટેરીફ) રેગ્યુલેશન્સ ૨૦૧૬ મુજબ માનનીય કમિશનના તા.૩૧ માર્ચ, ૨૦૨૨ ના ઓર્ડરના (કેસ નંબર ૨૦૩૪/૨૦૨૧) આધારે ટ્રુ-અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડી(એસ) એ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડો ધ્યાનમાં લીધા છે:

a) વીજળીની ખરીદીના મિશ્રણ, જથ્થા અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમા થતો બદલાવ

b) ફીક્સડ ખર્ચો જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, ઘસારો, વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર ઘાલખાધ, આવકવેરો અને નોન-ટેરીફ આવકમાં થતા બદલાવ

c) નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને ફાયદા/નુકશાનની વહેંચણી

૧.૫ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વીજળીની જરુરીયાત વાસ્તવિક વીજ વેચાણ અને વાસ્તવિક વીજ વિતરણ લોસ પર આધારિત છે. સુરત પુરવઠા વિસ્તારનુ વેચાણ ૩,૬૯૨.૦૧ એમયુ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વાસ્તવિક વીજ વિતરણ મંજૂર કરેલ વિતરણ લોસ ૩.૫૪ ટકા થી ઘટેલ છે.

૧.૬ ટ્રુઽ-અપ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાઓ અને તા.૩૧ માર્ચ ૨૦૨૨ ના ઓર્ડરમાં (કેસ નંબર ૨૦૩૪/૨૦૨૧) મુજબ મંજુર કરેલ ખર્ચાને ધ્યાને લઇ કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને મિશ્રણમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રિત છે અને તે મુજબ તેને એઆરઆરમાં લેવામાં આવેલ છે. પરંતુ, કાર્યક્ષમતાના માપદંડમાં થતા ફેરફારના કારણે ખર્ચાઓમાં થતો ફેરફાર નિયંત્રિત છે અને તેને લીધે થતા ફાયદાને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ ૨૦૧૬ માં ઉલ્લેખવામાં આવેલ ફાયદા/નુકસાનની વહેંચણી પધ્ધતિના આધારે, એઆરઆરમાં ધ્યાને લેવામા આવેલ છે. સુરતના સપ્લાય વિસ્તારનો વીજ વિતરણ લોસ મંજુર થયેલા વિતરણ લોસની સરખામણીમાં સુધરેલ છે. વિતરણ લોસના સુધારાને કારણે થયેલ ફાયદાની વહેંચણી જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ)રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર કરવામાં આવેલ છે.

૧.૭ સુરત સપ્લાય વિસ્તારના અન્ય ફીક્સ્ડ ખર્ચાઓ જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, ઘસારો, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, ઘાલખાધ, આવકવેરો અને નોન-ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ-અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે ફાયદા/નુકશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ-અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ-અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૨૨-૨૩ માટે સુરત સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રુ.કરોડમાં | | |
|---|---|---|
| આર્ડર મુજબ એઆરઆર | (એ) | ૨,૦૬૮.૮૩ |
| અનિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (બી) | (૯૩૪.૬૦) |
| નિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (સી) | ૨૬.૧૯ |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/3 સી) | ૯૨૫.૮૭ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૨,૯૯૪.૬૯ |

૧.૮ ટીપીએલ-ડી(એસ) જણાવે છે કે માનનીય કમિશનના ૩૧ માર્ચ, ૨૦૨૨ અને ૧લી એપ્રીલ, ૨૦૨૩ ના ઓર્ડર મુજબ અગાઉના વર્ષોની મંજુર કરેલ ખાધ/(પુરાંત)ની વસૂલાત પેટે રુ ૧૨૯.૧૨ કરોડની ખાધ ધ્યાને લીધેલ છે.

૧.૯ નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે સુરત સપ્લાય વિસ્તારની ખાધ/(પુરાંત)ની સંક્ષિપ્તમાં માહિતી નીચે

દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૨: નાંણાકિય વર્ષ ૨૦૨૨-૨૩ માટે સુરત સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૨,૯૯૪.૬૯ |
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૨,૮૬૫.૪૮ |
| બાદઃ અગાઉના વર્ષોના મંજૂર ખાધ/(પુરાંત)ની વસૂલાત પેટે ધ્યાને લિધેલ આવક | ૧૨૯.૧૨ |
| **બાકીની આવક** | **૨,૭૩૬.૩૬** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૨૫૮.૩૩** |

૧.૧૦ ટીપીએલ-ડી(એસ) એ માનનીય કમિશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆર અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકિય વર્ષ ૨૦૨૪-૨૫ માટે એઆરઆર**

૧.૧૧ માનનીય કમિશને તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૩ ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના એઆરઆર અને વીજદર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ અરજદારે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ)રેગ્યુલેશન્સ, ૨૦૧૬ની જોગવાઇઓ અનુસાર સૂરત સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના એઆરઆર અને વીજદર નિર્ધારણ માટેની અરજી દાખલ કરેલ છે.

૧.૧૨ અંદાજીત એઆરઆર નીચેના અનુમાનો પર આધારિત છેઃ

એ) અંદાજીત વીજ વેચાણ પ્રવર્તમાન વલણો તેમજ રહેંણાક અને ઔદ્યોગિક એકમોનું વ્યવસાયિક એકમમાં રૂપાંતર અને પર્યાવરણના નિયમો તથા તેને સંબંધિત ખર્ચને અનુલક્ષીને ઔદ્યોગિક એકમોના સ્થળાંતરણ તેમજ લેબ ગ્રોન ડાયમંડ ટેકનોલોજીના અમલીકરણને કારણે થયેલ વીજ માંગના વધારા ને ધ્યાને લઇ વીજ વેચાણના અંદાજો રજુ કરેલ છે. વધુમાં, રુફટોપ સોલર ની વીજ વેચાણ પરની અસરને પણ ધ્યાને લીધેલ છે. તદાનુસાર ટીપીએલ-ડી(એસ) એ છેલ્લા ૭ વર્ષના વૃધ્ધીદરને ધ્યાને લઇ વીજ વેચાણના અંદાજો રજુ કરેલ છે.

બી) સુરત સપ્લાય એરિયા માટે ઓ એન્ડ એમ ખર્ચ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ )રેગ્યુલેશન્સ, ૨૦૧૬ માં નિર્ધારિત કરેલ સિધ્ધાંતો, અગાઉના આદેશો તેમજ પ્રવર્તમાન વલણોને ધ્યાને લઇ નાંણાકિય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રજુ કરેલ છે.

સી) વીજ જરૂરીઆત ટીપીએલ-જી(એપીપી), સુજેન/ઉનોસુજેન, પુન:પ્રાપ્ય (રીન્યુએબલ) ઉર્જા સ્ત્રોતો, દ્વિપક્ષીય કરાર અને પાવર એક્ષચેન્જ દ્વારા પૂરી કરવા દરખાસ્ત કરેલ છે.

ડી) રીન્યુએબલ પરચેઝ ઓબ્લીગેશન (આરપીઓ) કરાર આધારીત રીન્યુએબલ સ્ત્રોતોમાંથી વીજ ખરીદી કરીને તેમજ એક્ષચેન્જ માંથી ગ્રીન પાવર ખરીદી અને રુફટોપ સોલરનાં ઉત્પાદન થકી પાર કરવાનું પ્રસ્તાવિત કરેલ છે.

ઇ) સુરત સપ્લાય એરિયા માટે મૂડી ખર્ચ યોજનાઓમાં ઇએચવી યોજનાઓ એચવી યોજનાઓ, એલટી નેટવર્ક યોજનાઓ, ખાસ યોજનાઓ અને મીટરિંગ, ગ્રાહક સેવા, આઇટી અને વીજ પુરવઠા કેન્દ્રો, વગેરે નો સમાવેશ થાય છે.

એફ) ઘસારો, વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, વગેરેની ગણતરી લાગુ પડતા રેગ્યુલેશન્સ, અનુસાર કરવામાં આવી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સુરત સપ્લાય એરિયા માટે નિર્ધારીત એઆરઆર નીચેના કોષ્ટકમા ંઆપેલ છે.

**કોષ્ટક ૩: નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સુરત સપ્લાય એરિયાના એઆરઆર**

| રુ. કરોડમાં | નાંણાકિય વર્ષ ૨૦૨૪-૨૫ |
|---|---|
| પાવર પરચેઝ | ૨,૮૫૬.૬૬ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૧૫૫.૨૭ |
| ઘસારો | ૯૬.૦૩ |
| વ્યાજ ખર્ચ | ૪૩.૭૪ |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | - |
| સીક્યોરીટી ડીપોસીટ પર વ્યાજ | ૩૧.૬૫ |
| ઘાલખાધ | ૦.૨૮ |
| કન્ટીનજન્સી રીઝર્વ | ૦.૪૦ |
| ઇક્વિટી પર મળવાપાત્ર વળતર | ૧૨૩.૩૬ |
| આવક વેરો | ૨૦.૬૩ |
| બાદ: બિન-ટેરિફ આવક | ૨૧.૧૮ |
| એઆરઆર | **૩,૩૦૬.૮૪** |

**નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેની ખાધ /(પુરાંત)ઃ**

૧.૧૩ વિવિધ કેટેગરીના ગ્રાહકો માટે વીજ વેચાણથી થતી આવકની ગણતરી/વીજ વેચાણ, હાલનો વિજદર તેમજ એફપીપીપીએ ને ધ્યાનમાં રાખીને, જે તે કેટેગરી માટે નિર્ધારિત કરેલ ફોર્મેટ માં દર્શાવેલ છે.

૧.૧૪ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે માનનીય કમીશને રુ ૫.૫૫ પ્રતિ યુનીટ ના બેઝ વીજ ખરીદ ખર્ચ અને રુ ૨.૧૭ પ્રતિ યુનીટના બેઝ એફપીપીપીએ મંજુર કરેલ છે. બેઝ વીજ ખરીદ ખર્ચ રુ ૫.૫૫ પ્રતિ યુનીટ ની સામે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે અંદાજીત સરેરાશ વીજ ખરીદી ખર્ચ રુ. ૬.૭૫ પ્રતિ યુનીટ થાય છે. આમ બેઝ વીજ ખરીદ ખર્ચમાં એડજસ્ટમેન્ટ કર્યા પછી સુધારેલા બેઝ એફપીપીએ રુ. ૩.૩૭ પ્રતિ યુનીટ થાય છે.નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ની અંદાજીત આવક રુ ૩.૩૭ પ્રતિ યુનીટના સુધારેલા એફપીપીપીએ ને ધ્યાને લઇ ગણવા માં આવેલ છે.તે મુજબ, વિજ વેચાણ ની અંદાજિત આવક નીચે મુજબ છેઃ

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં પાવરના વેચાણમાંથી આવક**

| રુ.કરોડમાં | નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ |
|---|---|
| સુરત પુરવઠા વિસ્તાર | ૩૪૧૦.૨૬ |

૧.૧૫ સુધારેલા એફપીપીપીએ સાથેના વીજવેચાણથી થતી આવકને ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સુરત પૂરવઠા વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રુ.કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૩,૩૦૬.૮૪ |
| બાદ ઃ | |
| વર્તમાન વીજદર સાથેના સુધારેલા એફપીપીપીએ સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૩૪૧૦.૨૬ |
| | |
| **ખાધ/(પુરાંત)** | **(૧૦૩.૪૨)** |

ટીપીએલ-ડી(એસ) માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૬ ટીપીએલ-ડી(એસ) તેના અમદાવાદ/ ગાંધીનગર અને સુરત સપ્લાય વિસ્તાર માટે જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૨ અનુસાર ડીએસએમ યોજના બનાવીને માનનીય કમીશન સમક્ષ રજુ કરેલ છે. માનનીય કમીશને સુરત સપ્લાય વિસ્તાર માટે રુ. ૫.૭૦ કરોડ મંજુર કરેલ છે. આ બાબતે, ટીપીએલ-ડી(એસ) -એ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રુ.૦.૧૫ કરોડનો ખર્ચ કરેલ છે. ટીપીએલ-ડી(એસ) નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ થી શરુ થતા સમયગાળા માટેની ડીએસએમ યોજના માટે માનનીય કમિશન સમક્ષ અલગથી રજુઆત કરશે.

૧.૧૭ ટીપીએલ-ડી(એસ) એ કેરીંગ કોસ્ટ ની ગણતરી કરી છે.ઉપરોકત મુજબ તારવેલ કુલ ખાધ/(પુરાંત)

ને નીચેનાં કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬: નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના દર નિર્ધારણ માટે સુરત પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| રુ.કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ખાધ/(પુરાંત) | ૨૫૮.૩૩ |
| વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૫૧.૮૯ |
| ડીએસએમ | ૦.૧૫ |
| | |
| નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની ખાધ/(પુરાંત) | (૧૦૩.૪૨) |
| | |
| **વીજદર મારફતે વસુલવા યોગ્ય સંચિત ખાધ/(પુરાંત)** | **૨૦૬.૯૫** |

૧.૧૮ સંચિત ખાધ/(પુરાંત) ની વસૂલાત માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન વીજદર વધારવાની જરૂરીઆત છે. પરતું, ટીપીએલ-ડી(એસ) આ સંચિત ખાધ/(પુરાંત)ની વસૂલાત તા. ૧ એપ્રીલ ૨૦૨૪ થી બે વર્ષ દરમ્યાન રુ. ૦.૨૬ પ્રતિ યુનીટના રેગ્યુલેટરી ચાર્જ દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૧૯ ટીપીએલ-ડી(એસ) એ જણાવે છે કે ફુગાવાનું દબાણ હોવા છતાં, ટીપીએલ-ડી(એસ) તેનો ખર્ચ કાર્યક્ષમતા ના સુધારા મારફતે પ્રબંધ કરી રહ્યું છે. નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સૂચિત વીજદર, ટીપીએલ-ડી(એસ) ને ખાધની વસૂલાત કરવા અને ટીપીએલ-ડી(એસ) ને પાવરની ગુણવત્તા, વિશ્ર્વસનીયત્તા અને ગ્રાહક સેવાના ઉચ્ચ સ્તરો જાળવવી રાખવા અનિર્વાય છે.

૧.૨૦ વધુમાં, માનનીય કમીશન/ માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની બાકી રહેલ કાર્યવાહી સંબંધિત ખાધ/કેરીંગ કોષ્ટને ટીપીએલ-ડી(એસ) એ જરૂરી રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

૧.૨૧ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે, ટીપીએલ-ડી(એસ) એ રુ.૧.૫૦ પ્રતી યુનીટ ના વધારાના વીજદરે વૈકલ્પિક “ગ્રીન ટેરિફ”ને ચાલુ રાખવાની દરખાસ્ત કરેલ છે.